# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય

☎.(૦૭૯)૨૩૨૫૪૫૦૬(ઓ),
૨૩૨૫૪૩૭૭(અં)
૨૩૨૫૯૭૬૦(ફેક્સ)

"વિમા અને લેખા ભવન" બ્લોક નં.-૧૭
ડો .જીવરાજમહેતા ભવન, સેકટર-૧૦ બી.,
ગાંધીનગર-૩૮૨૦૧૦

E-mail : supt-tc-dat@gujarat.gov.in


---

નંબરઃ-હિતિનિ/ટીસી/ફા.૧૨૨/ ૮૧૧૬/૧૦૫૩ થી ૧૦૭૭ તા.૧૬/૨/૨૦૧૦

**પરિપત્ર : ૩ / ૨૦૧૦**

**વિષયઃ-એ.જી.અમદાવાદની કચેરી દ્વારા જિલ્લા તિજોરી કચેરીના હિસાબોની કરેલ તપાસણી અંગેની નોંધની પૂર્તતા બાબત.**

આથી તમામ શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, એ.જી.અમદાવાદની કચેરી દ્વારા જિલ્લા તિજોરી કચેરીઓના હિસાબોની વાર્ષિક તપાસણી કર્યા બાદ તે અંગેની તપાસણી નોંધ જુદા જુદા પેરાવાઈઝ તૈયાર કરી તેની પૂર્તતા માટે આપની કચેરીએ મોકલી આપવામાં આવે છે. સદર તપાસણી નોંધમાં વિવિધ ગંભીર મુદાઓ નીચેની વિગતે અત્રેના ધ્યાન પર આવેલ છે.

- પીડી / પીએલએ ના મેળવણા નિયમિત, સમયાંતરે નહી થવા બાબત.
- નાણાંકીય વર્ષાન્તે ટીડીઓ / ડીડીઓ ના પીએલએ ના નાણા એકત્રિત ભંડોળમાં જમા નહી લેવા બાબત.
- ત્રણ વર્ષથી વધુ સમયગાળાથી સુષુપ્ત રહેલ પીડી/ પીએલએ બાબત.
- પીડી/ પીએલએ માં માઈનસ બેલેન્સ બાબત.
- સ્ટ્રોંગરૂમમાં બિન વપરાશી સ્ટેમ્પ્સનો વિશાળ જથ્થો રાખવા બાબત.
- શીલ્ડ પેકેટસ રીન્યુ નહી થવા બાબત.
- વધુ ચૂકવાયેલ પેન્શનની વસુલાત બાબત.
- અવસાન પામેલ પેન્શનરોના કિસ્સામાં ચૂકવણું બંધ થયે, પીપીઓ ઈસ્યુ કરનાર ઓથોરીટીને પીપીઓ પરત કરવા બાબત.

ઉપરોકત મુદાઓ પ્રત્યે અંગત લક્ષ આપી તેની પરિણામલક્ષી પૂર્તતા એ.જી.કચેરી, અમદાવાદને તા.૩૧/૩/૨૦૧૦ અંતિત મળી જાય, તે રીતે અત્રેની કચેરીની જાણ હેઠળ મોકલી આપવા જણાવવામાં આવે છે.

ઉકત બાબતેના ગંભીર પ્રકારના મુદાઓ ભવિષ્યમાં ઉપસ્થિત ન થાય, તેની ખાસ કાળજી લેવાનું રાખશો.

૧૬/૨/૧૦
નાયબ નિયામક
(તિજોરી નિયંત્રણ)

પ્રતિ,
શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી, ..............................(તમામ)
નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર
તાલીમ અધિકારીશ્રી, તાલીમ કેન્દ્ર, હિ.તિ.નિ કચેરી, ગાંધીનગર